IMP POWERS LTD.
Corporate Office : 35/C, Popular Press Building, 2nd Floor PT
M.M. Malviya Road, Tardeo, Mumbai- 34. Tel.: +91 22 2353 9180-84
Fax : +91 22 2353 9186-87 • E-mail : info@imp-powers.com
CIN : L31300DN1961PLC000232

CERTIFICATE NO. : T-2486

Date: September 6, 2018

To,

| | |
|---|---|
| The Manager,<br>Department of Corporate Services,<br>BSE Limited<br>1st Floor New Trade Wing<br>Rotunda Building, P. J. Towers, Dalal Street<br>Fort, Mumbai 400 001<br>BSE Code: 517571 | The Manager,<br>Listing Compliance<br>National Stock Exchange of India Limited<br>Exchange Plaza, C-1, Block G,<br>Bandra Kurla Complex<br>Bandra (E) Mumbai 400 051<br>Symbol: INDLMETER |

Dear Sir/Madam,

**Sub: Newspaper cutting of Notice of dispatch of Annual Report.**

Pursuant to the applicable regulation of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith newspaper cuttings of Notice of dispatch of Annual Report, Book closure and E- voting details to the members of the published in Business Standard (English newspaper) and Western Times (Gujarati Newspaper).

Kindly take the above on your records and oblige.

Thanking you.

**For IMP POWER LIMITED**

Priya Shah
Company Secretary

Encl: As above

# શિક્ષક દિન : ૩૨ શ્રેષ્ઠ શિક્ષકને કોહલી-રૂપાણીના હસ્તે એવોર્ડ

**રાજ્ય સરકારે શિક્ષણ માટે જંગી ફાળવણી કરી**

## અક્ષરજ્ઞાનની સાથે વ્યક્તિત્વ ઘડતરના શિક્ષણ માટે ગુરૂ-શિક્ષકની વિશેષ જવાબદારી છે : રાજ્યપાલનો અભિપ્રાય

**અમદાવાદ,**
રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીએ વિદ્યાર્થીઓમાં અક્ષરજ્ઞાનની સાથે વ્યકિતત્વ ઘડતરના શિક્ષણ માટે ગુરૂ-શિક્ષકની સવિશેષ જવાબદારી છે અને તે માટે શિક્ષકોએ સ્વયં તૈયાર થવું તે આજના સમયની તાતી જરૂરીયાત છે, તેવો સ્પષ્ટ મત વ્યકત કર્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં શિક્ષક દિવસ ૫ મી સપ્ટેમ્બરે શ્રેષ્ઠ શિક્ષકોના રાજ્ય પુરસ્કાર સન્માન કાર્યક્રમ રાજ્યપાલશ્રી સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અવસરે શિક્ષક સમુદાયને પ્રેરક આહવાન કર્યુ કે, ચેલેન્જીસ-પડકારો અને પોટેન્શીયલ-સંભાવનાઓ વચ્ચે સમન્વય સાધીને સરકારી શાળાના બાળકોને ધગશ-પ્રોત્સાહન આપી ધાર્યા પરિણામો મેળવી શકાશે. રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ ૩૨ શ્રેષ્ઠ શિક્ષકોનું શૉલ, પ્રશસ્તિપત્ર તથા રોકડ પુરસ્કારોથી આદર સન્માન કર્યુ હતું. રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, માતા-પિતા તેમના સંતાનને વિદ્યા સંસ્કાર મળે તે માટે શિક્ષક પાસે એવી શ્રધ્ધાથી મૂકે છે કે તેનું ચારિત્ર્ય, ક્ષમતા, બુધ્ધિચાતુર્ય બધુ જ શિક્ષક-ગુરૂજન ઘડશે. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, શિક્ષકો પાસે સમાજને બહુ મોટી અપેક્ષાઓ છે. બહુધા બાળકો મોટા થઈને શિક્ષક, ડૉકટર કે પોલીસ બનવાના સપના જોતા હોય ત્યારે શિક્ષકની તેના માનસ પર કેટલી અસર હોય છે તેની ભૂમિકા આપતાં શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, શિક્ષકના આ નોબલ પ્રોફેશનથી શિક્ષક સમુદાય રાષ્ટ્ર ઘડતર, ચારિત્ર્ય નિર્માણ અને જ્ઞાન સમૃદ્ધ ભાવિ પેઢીના નિર્માતા બને તે આવશ્યક છે. મુખ્યમંત્રીએ ગુજરાતના શિક્ષકોની સજ્જતા અને સામર્થ્ય પર વિશ્વાસ મૂકતાં કહ્યું કે, આ ગુરૂજનોની પ્રતિબદ્ધતા અને કર્તવ્યભાવનાથી સરકારી શાળાઓમાં પ્રવેશોત્સવ-ગુણોત્સવ અભિયાનોને જવલંત સફળતા મળી છે. હવે, એ જ શિક્ષકોના સહયોગથી મિશન વિદ્યા અભિયાન તહેત રાજ્યનું એક પણ બાળક લેખન-વાંચન-ગણન ન આવડતું હોય તેવું ન રહે તેવી સ્થિતી નિર્માણ કરવાની પ્રતિબદ્ધતા મુખ્યમંત્રીએ વ્યકત કરી હતી. વિજયભાઈ રૂપાણીએ ભાવિ પેઢી જ્ઞાન સમૃદ્ધ બને અને બાળકને શાળામાં આવવું હંમેશા ગમે તેવું વાતાવરણ પોતાના આગવા ઈનોવેટીવ પ્રયોગોથી સર્જવા શિક્ષકોને પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું કે, રાજ્યની સરકારી શાળાઓમાં સમાજના વંચિત, પીડિત, શોષિત ગરીબ વર્ગોના બાળકો અભ્યાસ માટે આવતાં હોય છે તેમને પણ જ્ઞાન સમૃદ્ધ બનાવવા મિશન વિદ્યા ઉપાડયું છે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકાર શિક્ષણ માટે રૂ. ૨૭ હજાર કરોડ જેવું માતબર બજેટ ફાળવીને રાજ્યના પ્રત્યેક વિદ્યાર્થીને શિક્ષણ જ્ઞાન ગંગાના વાહક બનાવી વિશ્વ સાથે આંખમાં આંખ મિલાવી ઊભો રહેવા સક્ષમ બનાવવાના સઘન આયોજનની વિશદ છણાવટ કરી હતી.

તેમણે આ અંગેની વિગતો આપતાં કહ્યું કે, રાજ્યમાં અગાઉ ૯૫-૯૬ સુધી માત્ર ૪૨ હજાર પ્રાથમિક શાળાઓ હતી તે આજે વધીને ૬૦ હજાર જેટલી થઈ છે. એટલું જ નહિ, વિદ્યાર્થીઓની સંખ્યા પણ ૧ કરોડ જેટલી થઈ છે. સાક્ષરતા દરમાં ૯ ટકાનો વધારો ૧૦ વર્ષમાં થયો છે. મુખ્યમંત્રીએ શિક્ષકોનું ગુરૂજનોનું જે મહાત્મ્ય મહાન વ્યકિતઓના ઘડતરમાં રહ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં પૂજ્ય ગાંધીજીના આધ્યાત્મિક ગુરૂ શ્રીમદ રાજચંન્દ્રજી, બનારસ હિન્દુ યુનિવર્સિટીના સ્થાપક પંડિત મદનમોહન માલવીયા વગેરેનું સ્મરણ કર્યુ હતું.

મુખ્યમંત્રીએ શ્રેષ્ઠતા પ્રાપ્ત શિક્ષકોને પોતાના કાર્ય થકી આ સિદ્ધિ મેળવવા અંગે અભિનંદન પાઠવતાં તેઓ અન્યો માટે પથદર્શક બનશે તેવી અભિલાષા વ્યકત કરી હતી. રાજ્યપાલ ઓપી કોહલીએ શ્રેષ્ઠ શિક્ષકનો પારિતોષિક મેળવનાર શિક્ષકોને અભિનંદન પાઠવતાં કહ્યું કે, પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન એ શિક્ષક નહીં, દાર્શનિક, વિદ્વાન તથા ચિંતક હતા. તેઓ દ્વારા શિક્ષણની સાથે સાથે વ્યક્તિત્વના વિકાસ માટે જે પ્રયાસો થયા તેનો આપણે અમલ કરી શિક્ષણ આપીશું તો જ શિક્ષક દિનની ઉજવણી સાર્થક ગણાશે.



ટીચર્સ ડે નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. (તસ્વીર:- જયેશ મોદી)

# ૨૪ કલાકમાં ચર્ચા નહીં થાય તો હાર્દિક જળત્યાગ કરી દેશે

**અમદાવાદ,**
હાર્દિક પટેલના અનશન ૧૨માં દિવસે પણ આજે જારી રહ્યા હતા. પાટીદાર નેતા હાર્દિકની તબિયત એકબાજુ લથડી રહી છે ત્યારે ગુજરાત સરકાર અને હાર્દિક વચ્ચે જોરદાર મડાગાંઠની સ્થિતિ સર્જાયેલી છે. હાર્દિક પટેલ તરફથી હવે અલ્ટીમેટમ પણ આપી દેવામાં આવ્યું છે. હાર્દિક પટેલના સાથી મનોજ પનારાએ કહ્યું છે કે સરકાર ખૂબ જ ઉદાસીન દેખાઈ રહી છે. અમે વાતચીત માટે તૈયાર છીએ. ખુલ્લા મનથી વાતચીત માટે તૈયાર છીએ. હાર્દિકથી તરફથી હવે અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે કે જો ૨૪ કલાકમાં વાતચીત નહીં કરે તો હાર્દિક પટલે જળ ત્યાગ કરશે. હાર્દિક પટેલ અને સરકાર વચ્ચે મડાગાંઠ દિન પ્રતિદિન જટીલ બની રહી છે. આ મડાગાંઠનો ઉકેલ લાવવાની જરૂર પણ દેખાઈ રહી છે પરંતુ હાર્દિક પટેલની તબિયત લથડી રહી છે. જુદી જુદી ચર્ચાઓ હવે જોવા મળી રહી છે.

મળેલી માહિતી મુજબ આમરણાંત ઉપવાસ પર બેઠેલા હાર્દિકને મનાવવા માટે મધ્યસ્થી બનેલી પાટીદાર સંસ્થાના આગેવાન સીકે પટેલ સામે ભારે વિરોધ થઈ ચુક્યો છે. હવે ખોડલધામના નરેશ પટેલને મધ્યસ્થી બનાવીને સરકાર સાથે વાતચીત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પાટીદાર તરફથી પણ હજુ સુધી હળવુ વલણ અપનાવવામાં આવી રહ્યું નથી. આવી સ્થિતિમાં મડાગાંઠ વધુ ગંભીર બની છે. સરકાર સાથેની વાટાઘાટમાં સીકે પટેલને દુર રાખવા માટેની માંગ ઉઠી રહી છે. નરેશ પટેલને મધ્યસ્થી બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. પાટીદાર આંદોલન સમિતિ અને સરકાર વચ્ચે મધ્યસ્થીની વાતચીત શરૂ થયા બાદ કોઈ સમસ્યાનો નિકાલ આવે તેમ દેખાઈ રહ્યું છે. હાલમાં સરકાર અને હાર્દિક પટેલ બંને પોતપોતાના વલણ ઉપર મક્કમ દેખાઈ રહ્યા છે.



પાંચમી સપ્ટેમ્બરના દિવસે ટીચર્સ ડેની ઉજવણી કોલેજો અને સ્કુલોમાં કરવામાં આવી હતી. (તસ્વીર:- જયેશ મોદી)

# ગોંડલમાં પાંચ કરોડના ખર્ચે હોસ્ટેલ બનાવવા માટે તૈયારી

**અમદાવાદ,**
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સગૌરવ અને નતમસ્તકે સ્વીકાર્યુ હતું કે રાજ્ય સરકારની મહેનત સંતોના આશીર્વાદથી ઉજળી બની છે. રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના બાંદ્રા ગામે શ્રી ઉગારામદાદાની ૫૦ મી નિર્વાણ તિથિ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ સંતશ્રી ઉગારામે આજથી ૫૦-૬૦ વર્ષો પહેલાં આદરેલા સામાજિક સમરસતાના કાર્યોને આજે પણ સમયોચિત ગણાવ્યા હતા અને શ્રી ઉગારામદાદાએ ચીંધેલા રાહ પર પ્રવૃત થવા સમગ્ર ભકતગણને અનુરોધ કર્યો હતો.

મુખ્ય મંત્રીશ્રીએ આ પ્રસંગે એવી જાહેરાત કરી હતી કે ગોંડલ વિસ્તારમાં દલિત સમાજના છાત્રો માટે રૂ. ૫ કરોડ ૪૦ લાખના ખર્ચે હોસ્ટેલ બનાવવામાં આવશે ઉપસ્થિત જનસમુદાયે આ જાહેરાતને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. સંત શ્રી ઉગારામબાપાના જીવન કવનને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈએ તાજેતરમાં જ નિધન પામેલા ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઈ સાથે બખૂબી સાંકળી લીધા હતા અને શ્રી બાજપાઈજીના સંસ્મરણો અનોખી રીતે વાગોળ્યા હતા. આ ધાર્મિક પ્રસંગના સાક્ષી બનવા બદલ મુખ્ય મંત્રીશ્રીએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને માનવ કલ્યાણની આ યાત્રા અવિરત આગળ વધે એવી શુભેચ્છા આયોજકોને પાઠવી હતી. તમામ પ્રકારના ભેદભાવ ભૂલી રાષ્ટ્ર કલ્યાણના માર્ગે પ્રગતિ સાધવા મુખ્ય મંત્રી શ્રી રૂપાણીએ ઉપસ્થિતોને જણાવ્યું હતું. મુખ્યમંત્રી રૂપાણી તથા અન્ય આમંત્રિતોએ દીપ-પ્રાકટ્ય વિધિ સંપન્ન કર્યા બાદ દેવાંગભાઈએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.

# કોંગ્રેસ દેવા માફીના મામલે વિધાનસભાનો ઘેરાવ કરશે

**અમદાવાદ,**
ગુજરાત રાજ્યમાં સરકાર દ્વારા ખેડૂતોના દેવા માફી સાથે ૧૨ દિવસથી ઉપવાસ આંદોલન કરી રહેલા હાર્દિક પટેલ જોડે વાતચીત કરી કોઈ ઉકેલ લાવવામાં નહીં આવે તો કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી તા.૧૮ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા ચોમાસું સત્રમાં ગુજરાત વિધાનસભાનો ઘેરાવ કરવાની આજે કોંગ્રેસ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

હાર્દિક પટેલના ઉપવાસ આંદોલનને સમર્થન આપવા તેમજ ખેડૂતના દેવા માફીની માંગ સાથે આજે ગાંધીનગરમાં કોંગ્રેસ દ્વારા પ્રતિક ધરણાંનો કાર્યક્રમ યોજી સરકારના સત્તાવાળાઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.ખેડૂતોના પ્રશ્ને ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણીમાં આજે સવારથી કોંગ્રેસ પક્ષ દ્વારા ત્રણ કલાક સુધી પ્રતિક ધરણા યોજાયા હતા. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ ખાસ હાજરી આપવા આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખેડૂતોની તાકાત પર સત્તામાં આવેલી ભાજપ સરકાર કેમ ખેડૂતોના દેવા માફ કરતી નથી. મોદી રાજમાં બબ્બે મોદી અને માલ્યાને ભાગવાની તક મળી હોવાથી નરેન્દ્ર મોદીએ પોતાના મનની વાત કરવાના બદલે ખેડૂતો, યુવાનો અને મહિલાઓના મનનો અવાજ સાંભળવો જોઈએ. દરમ્યાન વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને ઋણમુક્ત કરવા સાથે હાર્દિક પટેલ સાથે વાતચીત કરી કોઈ સુખદ ઉકેલ લાવવામાં નહીં આવે તો રાજ્યવ્યાપી આંદોલન કરવામાં આવશે. તેમણે ભાજપ સરકારને ઉદ્યોગપતિઓના દેવા માફ કરવાના બદલે કૃષિ બજેટ વધારવા સાથે ખેડૂતોના દેવા માફ કરી લોન, સબસીડી આપવા માંગ કરી હતી. તો, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાત અને કેન્દ્રમાં ખેડૂત વિરોધી ભાજપ સરકારના કારણે ખેડૂતોની દુર્દશા થઈ છે. આ સરકારને મત આપનાર ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને નાના વેપારીઓ તેમને અપાયેલા વચનોમાંથી એકપણ વચન પૂર્ણ નહીં થતા આજે હિસાબ માંગી રહ્યા છે. આ સરકારે ખેડૂતને દુઃખી કરી તમામ સમાજ અને વર્ગને દુઃખી કર્યા છે. રાજ્યના ખેડૂતોને પોષણક્ષમ ભાવો, પાક વીમો, ઊભા પાકને રક્ષણ, સિંચાઈ અને ૧૬ કલાક વીજળી સાથે દેવા માફ કરવા જોઈએ. તેમણે કહ્યું કે, ઉદ્યોગપતિઓને ખેરાત કરતી આ સરકાર ખેડૂતોના દેવા માફી સાથે હાર્દિક પટેલ સાથે વાતચીત કરી ઉકેલ નહીં લાવે તો ખેડૂતોના સહકારથી તા.૧૮-૧૯ સપ્ટેમ્બરે ગુજરાત વિધાનસભાનો ઘેરાવ કરવામાં આવશે. આજના ધરણાં કાર્યક્રમ બાદ કોંગ્રેસના પૂર્વ-વર્તમાન ધારાસભ્યો અને આગેવાનો સાથે કોંગી પ્રતિનિધિમંડળ તરફથી સરકારના સત્તાવાળાઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

**શ્રી IMP**

**આઈએમપી પાવર્સ લિ.**
રજી. ઓફિસ : સર્વે નં ૨૬૩/૩/૨/૨, ગામ સાયલી, ઉમરકુઈ રોડ સિલ્વાસા, ૩૯૬૨૩૦ દાદરા અને નગર હવેલી (યુ.ટી)
ટેલીફોન નં - ૦૨૬૦-૬૫૩૮૫૭૧, ફેક્સ નં - ૦૨૬૦-૨૬૮૧૦૪૩
વેબસાઈટ : www.imp-powers.com,
ઈમેલ : investor@imp-powers.com
CIN L31300 DNI96IPLC000232

**૫૬મી એજીએમ**
**ઇવોટીંગ અને બુક બંધ થવા અંગે નોટિસ**

આથી નોટિસ દ્વારા જણાવવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૫૬મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) **શુક્રવાર, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૮**ના રોજ ૩.૦૦ વાગે સર્વે નં. ૨૬૩/૩/૨/૨, ગામ સાયલી, ઉમરકુઈ રોડ, સિલવાસા ૩૯૬૨૩૦, દાદરા અને નગર હવેલી (યુ.ટી.)ની રજીસ્ટર્ડ ઓફીસ ખાતે મળશે.
માર્ચ ૩૧, ૨૦૧૮ના રોજ પૂરા થતા નાણાકીય નિવેદનો સાથે મીટિંગની નોટિસ અને ડિરેક્ટર્સ અને ઑડિટર્સની રિપોર્ટ્સ **૫ સપ્ટેમ્બર, ૨૦૧૮** ના રોજ ઈલેક્ટ્રોનિક મોડમાં સભ્યોને મોકલવામાં આવ્યા છે કે જેમના ઈ-મેઈલ સરનામાં ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સાથે રજિસ્ટર થયેલા છે. સંદેશા વ્યવહાર હેતુઓ અને સભ્યો કે જેમણે તેમના ઈમેઈલ સરનામાંની નોંધણી કરાવી નથી, વાર્ષિક અહેવાલ કુરિયર દ્વારા તેમના રજિસ્ટર સરનામા પર મોકલવામાં આવ્યો છે અને તેની રવાનગી ૪ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ પૂરી થયેલ છે.
સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ ની જોગવાઈઓનું પાલન કરવાથી, કંપનીઓ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના સમય-સમય પર સુધારેલ, અને સેબીના નિયમન ૪૪ (લિસ્ટિંગ અનુસાર નિયમો અને જાહેરાત જરૂરીયાતો) નિયમો, ૨૦૧૫, આઈએમપી પાવર્સ લિમિટેડ સભ્યોને પ્રદાન કરશે, ૫૬મી એજીએમમાં ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મત આપવાનો તેમના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા અને ઈ-વોટિંગ સેવાઓ (રિમોટ ઈ-વોટીંગ) ) સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) દ્વારા પૂરી પાડવામાં આવેલ છે.
ઈ-વોટિંગ માટેની સૂચનાઓ ૫૬મી એજીએમના નોટિસમાં આપવામાં આવે છે. નીચેની વિગતો સભ્યાએ નોંધ લેવા વિનંતી છે:
૧. ઈલેક્ટ્રોનિક સાધનો દ્વારા મતદાનની શરૂઆતનો દિવસ, તારીખ અને સમયઃ **મંગળવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ સવારે ૯:૦૦ કલાકે.**
૨. ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા મતદાનના અંતનો દિવસ, તારીખ અને સમયઃ **મંગળવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ સાંજે ૫:૦૦ કલાકે.**
૩ શેરધારકોના મતદાન અધિકારો (મિટિંગમાં રિમોટ ઈ-વોટિંગ અથવા પોલ કાગળ દ્વારા મતદાન માટે) **૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૮** (કટ ઓફ ડેટ) ના રોજ કંપનીના પેઈડ અપ ઈક્વિટી શેર મૂડીમાં તેમના શેરના પ્રમાણમાં રહેશે. વ્યક્તિનું નામ કે જે સભ્યના રજિસ્ટરમાં નોંધાયેલું છે અથવા ડિપોઝિટરી દ્વારા જાળવવામાં આવેલ લાભકારી માલિકના રજિસ્ટરમાં કટ ઓફ ડેટ પર નોંધાયેલુ છે, તે ફક્ત એજીએમ પર રીમોટ ઈ-વોટિંગની સુવિધા તેમજ મતદાન માટે હકદાર છે.
૪. કોઈ પણ વ્યક્તિ જે શેરની પ્રાપ્તિ કરે છે અને કંપનીના સભ્ય બને છે, વાર્ષિક રીપોર્ટ અને એજીએમના નોટિસ અને કટ ઓફ ડેટ એટલે કે **૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ન** રેજ શેરનું ધરાવતા હોય તેમણે helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલી પ્રવેશ આઈડી અને પાસવર્ડ મોકલી આપવામાં આવશે.
૫. મતપત્ર પેપર દ્વારા મતદાનની સવલત પણ સભામાં ઉપલબ્ધ કરવામાં આવશે. મીટિંગમાં ભાગ લેનારા સભ્યો, જેમણે દૂરસ્થ ઈ-મતદાન દ્વારા મતદાન નહીં કર્યું હોય તેઓ બેઠકમાં તેમના અધિકારનો ઉપયોગ કરી શકશે.
૬. સભ્યો કે જેઓ રીમોટ ઈ-મતદાન દ્વારા મતદાન કરેલા પહેલાં મતદાન કરે છે, તેઓ મીટિંગમાં પણ ભાગ લઈ શકે છે, પરંતુ એજીએમમાં ફરીથી મત આપવાનો હકદાર રહેશે નહીં.
૭. એજીએમ નોટિસની એક નકલ કંપનીની વેબસાઈટ પર www.imp-powers.com પર અને CSDL ની વેબસાઈટ helpdesk.evoting@cdslindia.com પર ઉપલબ્ધ છે.
વધુમાં, મેમ્બરના રજિસ્ટર અને કંપનીના શેર ટ્રાન્સફર બુક્સ **શુક્રવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ થી શુક્રવાર, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૮** (બંને દિવસ સહિત) થી બંધ રહેશે.
શ્રી ધીરેન્દ્ર મૌર્ય, પ્રેક્ટિસીંગ કંપની સેક્રેટરી (સભ્યપદ નં. ૨૨૦૦૫ / સી.પી. નંબર ૯૫૯૪) કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા નિશ્ચિત ઈ-મતદાન પ્રક્રિયાની ચકાસણી અને સભામાં મતદાન / મતદાન દ્વારા મતદાન માટે સ્ક્રુટિનેઝર તરીકે નિમણૂક કરવામાં આવી છે. વાજબી અને પારદર્શક રીતે પરિણામ ૨ દિવસની અંદર જાહેર કરવામાં આવશે અને કંપનીની વેબસાઈટ www.imp-powers.com પર ઉપલબ્ધ રહેશે અને કંપનીના સિક્યોરિટીઝની સૂચિબદ્ધ કરવામાં આવેલી સ્ટોક એક્સચેન્જોને જાણ કરવામાં આવશે.
રિમોટ ઈ-વોટિંગ સાથે સંકળાયેલી કોઈ પણ પૂછપરછ અથવા ફરિયાદને કંપનીના કંપની સેક્રેટરી, પ્રિયા શાહ, ઈમેઈલ આઈડી: cs@imp-powers.com પર મોકલી શકે છે.

**બોર્ડ ઓફ ડાયરેક્ટર,**
**આઈએમપી પાવર્સ લિ. વતી**
તારીખ : ૦૫.૦૯.૨૦૧૮
સ્થળ : મુંબઈ
સહી/- **પ્રિયા શાહ કંપની સેક્રેટરી**

# સરકાર હિંસા જેવી ઘટનાઓને અંજામ આપી શકે છે : હાર્દિક

**ઉપવાસ આંદોલન તોડવા અને પાટીદારોને બદનામ કરવા ભાજપ અનેક ખેલ ખેલશે જેથી સાવધાની જરૂરી : હાર્દિક**

**અમદાવાદ,**
પાસના કન્વીનર હાર્દિક પટેલે આજે રાજય સરકાર પર હિંસા જેવી ઘટનાઓને અંજામ આપવાની તૈયારી કરતી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો અને તેને લઈ સમગ્ર પાટીદાર સમાજને સાવચેત રહેવા જાહેર અપીલ કરી હતી. તેણે જણાવ્યું કે, ૧૧ દિવસના ઉપવાસમાં કોઈ હિંસા નથી થઈ, તેથી હવે આંદોલનને તોડવા અને પાટીદારોને બદનામ કરવાનો ભાજપનો ખેલ ખેલેશે પરંતુ ગુજરાતના ખેડૂતો અને યુવાનો આપણે ધીરજ રાખવી. ભાજપ કે પોલીસની સામે ઘર્ષણમાં ના ઉતરો, ગાંધીચીંધ્યા માર્ગે ચાલીને અધિકાર માંગો તેવી પણ તેણે હાકલ કરી હતી. હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે ૧૨ દિવસ છે. તેના ઉપવાસના ૧૧માં દિવસે સરકાર સફાળી જાગી હતી. ગઈકાલે મંત્રી સૌરભે પટેલે હાર્દિકને તેના સ્વાસ્થ્યની સરકાર ચિંતા કરે છે તેવું જણાવ્યું હતું. સરકારે પાટીદાર સમાજની અગ્રણી છ સંસ્થાના આગેવાનોને મંત્રણા માટે બોલાવ્યા હતા. ઊર્જામંત્રી સૌરભ પટેલ, કૌશિક પટેલ અને પ્રદીપસિંહ જાડેજા તેમજ પાટીદાર સમાજના અગ્રણીઓ વચ્ચે અઢી કલાક સુધી ચાલેલી આ બેઠકમાં સરકારે પાટીદાર અગ્રણીઓને હાર્દિક પટેલને વહેલી તકે પારણાં કરવા માટે સમજાવવાની જવાબદારી સોંપી હતી. બીજી તરફ હાર્દિક પટેલ તરફથી એવું જણાવાયું હતું કે, સરકાર સાથે ચર્ચા કરવા ગયેલા સામાજિક આગેવાનો એ કોઈ પાસના ઓફિશિયલ પ્રતિનિધિ નથી કે તેમને સરકાર સાથે વાત કરવા મોકલાયેલા નથી. જો કોઈ ચર્ચા કરવી હોય તો સરકાર સીધી જ મારી સાથે જ ચર્ચા કરે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર સમાજની છ સંસ્થાઓના અગ્રણીઓની સોલા ઉમિયાધામ ખાતે મંગળવારના રોજ બેઠક ચાલી હતી. ત્યારબાદ તેઓ સરકાર સાથે વાટાઘાટ કરવા ગાંધીનગર પહોંચ્યા હતા. બેઠક પૂર્ણ થયા બાદ પાટીદાર અગ્રણી સી.કે. પટેલે જણાવ્યું કે સરકાર સાથેની બેઠકમાં સમાજના તમામ મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા થઈ. સરકારે અમને સામેથી આમંત્રણ આપ્યું હતું અને હકારાત્મક પ્રતિભાવ આપ્યો છે. હાર્દિક પટેલ અંગે સરકાર પણ ચિંતિત છે. સમાજના આગેવાનો હાર્દિક પાસે જઈને પારણાં કરવા સમજાવશે. આંદોલન કોનાથી પ્રેરિત છે તેના કરતા વિશેષ મહત્વ સમાજના પ્રશ્નો છે. ખેતી, વીજળી, શિક્ષણ, અનામત જેવા પ્રશ્નો સમાજના છે, હાર્દિકના પ્રશ્નો તેના પોતાના પણ હોઈ શકે પરંતુ અમે તમામ પ્રશ્નો અંગે ચર્ચા કરી છે. જો કે, અનામત મુદ્દે કોઈ ઉકેલ આવ્યો નથી.

# કોંગ્રેસે પાટીદાર અનામતના સંદર્ભે સ્પષ્ટતા કરવી જોઇએ

**અમદાવાદ,**
હાર્દિક પટેલના ઉપવાસ આંદોલનની મુલાકાત લેનાર કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે અનામત અંગે કોઈ સ્પષ્ટતા કરી નહી હોવાનું જણાવતા રાજ્યના ઊર્જા મંત્રી સૌરભ પટેલે આજે જણાવ્યું હતું કે, કોંગ્રેસે પાટીદારોને કઈ રીતે અનામત આપવામાં આવશે તેની પહેલાં સ્પષ્ટતા કરવી જોઈએ. રાજયના ઉર્જામંત્રીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા અને પોતાની પ્રતિક્રિયા આપી હતી. ગાંધીનગર ખાતે આજે પત્રકારો સાથે વાતચીત કરતા રાજ્યના ઊર્જા મંત્રી સૌરભ પટેલે વધુમાં જણાવ્યું હતું કે સુપ્રીમ અને હાઈકોર્ટના આદેશ પ્રમાણે ૫૦ ટકાથી વધારે અનામત આપી શકાય તેમ નથી.ત્યારે કોંગ્રેસ પાટીદારોને કેવી રીતે કેટલી અનામત આપશે તેની સ્પષ્ટતા કરવી જોઈએ. કોંગ્રેસ બેવડી નીતિ અખત્યાર કરી રહી હોવાનું જણાવતા તેમણે પ્રહાર કર્યા કે, દિલ્હીમાં અન્ના હજારેના ઉપવાસ વખતે બાબા રામદેવ અને મહિલાઓ ઉપર અડધી રાત્રે લાઠીચાર્જ કરવામાં આવતા એક મહિલાનું મોત પણ નીપજ્યું હતું. જયારે કર્નાટક અને મહારાષ્ટ્રમાં કોંગ્રેસ સરકાર વખતે ગોળીબારમાં ખેડૂતોના સૌથી વધારે મોત નીપજ્યાં છે. ગુજરાતમાં સરકારે ખેડૂતો માટે ત્રણ વિભાગોમાં કુલ ૩૦ હજાર કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે અને રાજ્ય સરકાર ધ્વારા ખેડૂતોની આવક વધારવા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેમાં અન્ય પાકની સાથે કપાસમાં ૨૫-૩૦ ટકા જેટલો એનએસપી વધારવામાં આવ્યો છે. કોંગ્રેસે ખેડૂતો માટે શું કર્યું તે અંગે ભૂતકાળ યાદ કરવો જોઈએ એમ જણાવતા તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં સુજલામ સુફલામ અને નર્મદા યોજના સહીત અનેક નવી યોજનાઓ ખેડૂતો માટે કરી છે. તેમણે પાટીદાર સમાજ તેમજ પાસના આગેવાનો ધ્વારા રાજ્ય સરકાર સાથે મુલાકાત બાબતે કહ્યું કે, તે તેમનો આંતરિક મામલો છે.

જયારે શત્રુઘ્નસિંહ અને જાણીતા અર્થશાસ્ત્રી યશવંતસિંહાએ હાર્દિક પટેલની લીધેલી મુલાકાતને તેમણે વ્યકતિગત ગણાવી હતી. તેમણે હાર્દિકના સ્વાસ્થ્ય માટે ઉપવાસના સ્થળે તાત્કાલિક સારવારની પુરતી વ્યવસ્થા કરવામાં આવી હોવાનો પણ દાવો કર્યો હતો.

**કોંગ્રેસ બેવડી નીતિ અખત્યાર કરી રહી છે, રાજય સરકાર ખેડૂત માટે હકારાત્મક પ્રયાસ કરી રહી છે : સૌરભ પટેલ**

૨૦ સપ્ટેમ્બર, ૨ અને ૧૨ ઓક્ટોબર, ૫ નવેમ્બર
ઉમરાહ
અમદાવાદ થી અમદાવાદ
Rs.50,000 ૧૬ દિવસ
Rs.55,000 ૨૧ દિવસ
Rs.65,000 ૨૮ દિવસ
સુવિધા ટુરિઝમ
યાસીન ૯૯૭૪૦૪૦૮૮૦
બિસોરા ૯૯૦૯૦૨૯૦૭૨, ૦૭૯ ૪૮૦૦૨૦૦૦
૫, મે રોઝ ટાવર, વી.એસ. હોસ્પિટલ પાછળ, અમદાવાદ
૧૦દિવસ । ૧૦ ડીસેમ્બર રવાનગી
ઝીયારતે બગદાદ શરીફ
Rs.65,000



સ્પે. સૌરાષ્ટ્રના ખાજા
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સ્પે. ફરાળી વાનગી
ગળ્યા, મોળા, તીખા ખાજા, ફરાળી પાત્રા, ફુલવડી, બટાકા વેફર, કેળા વેફર,
રાજગરાનો ચેવડો, સાબુદાણા વડા, રાજસ્થાન આલુ પાપડી, કેળાની કટલેશ,
કેળાનો કેવડો, પાઈનેપલ કેવડો, ફરાળી ખમણ ફોનઃ- ૨૨૧૪૪૧૩૭
સૌરાષ્ટ્ર ફરસાણ એન્ડ સ્વીટ પાર્લર ચકલેશ્વર મહાદેવ પાસે, રાયપુર ચકલા, અમદાવાદ
સમયઃ સવારે ૧૦ થી રાત્રે ૧૧ સુધી
નોંધઃ અમારી બીજી કોઈ શાખા નથી